Accredited Grade "A" by NAAC (3rd Cycle)

# SAURASHTRA UNIVERSITY

Registrar Office, University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 Ext. No. 206 / FAX : (0281) 2586983
E-Mail ID : registrar@sauuni.ac.in

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની માહે માર્ચ-૨૦૨૦ની સિન્ડિકેટની ખાસ સભા તા.૨૪/03/૨૦૨૦નાં રોજ રાખવામાં આવેલ, જે નોવેલ કોરોના વાઈરસ COVID-19ને કારણે લોકડાઉન સ્થિતિ અમલમાં આવતા મોકૂફ રાખવામાં આવેલ બેઠક વીડીઓ કોન્ફરન્સ મારફત તા.૧૧/૦૪/૨૦૨૦ને શનિવારના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનુંનામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડૉ. નીતીનભાઈ પેથાણી – કુલપતિશ્રી | હાજર |
| ૨. | ડૉ. વિજયભાઈ એન. દેસાણી – ઉપકુલપતિશ્રી | હાજર |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. ધરમભાઈ ડી. કાંબલીયા | હાજર |
| ૭. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૦. | ડૉ. પ્રતાપસિંહ એલ. ચૌહાણ | હાજર |
| ૧૧. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૨. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૩. | ડૉ. નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૪. | ડૉ. અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૫. | ડૉ. વિમલભાઈ પરમાર | હાજર |
| ૧૬. | ડૉ. ભરતભાઈ રામાનુજ | હાજર |
| ૧૭. | શ્રી ભરતભાઈ ઝવેરભાઈ વેકરીયા | હાજર |
| ૧૮. | ડૉ. પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |

૧ ફાઈનાન્સ કમિટીની તા.૧૭/૦૨/૨૦૨૦નાં રોજ મળેલ સભાની ભલામણો અને કાર્યવાહી હિસાબ નોંધ મંજુર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ કમિટીની તા.૧૭/૦૨/૨૦૨૦નાં રોજ મળેલ સભાની ભલામણો અને કાર્યવાહી નોંધ નીચે મુજબના સુધારા સાથે મંજુર કરવી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના વાર્ષિક હિસાબો, નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પુનઃ નિર્મિત અંદાજો તથા નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર મંજુર કરવા સેનેટને ભલામણ કરવી.

<u>ઠરાવ ક્રમાંક ૦૨</u> :

ઉપર્યુક્ત ઠરાવ યથાવત રાખી નીચે મુજબનો ઉમેરો/સુધારો કરવો.

"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કુદરતી આપત્તિની સ્થિતિને પહોંચી વળવા માટે રૂ. ૨૦ લાખની જોગવાઈ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન વપરાયેલ/વણવપરાયેલ ગ્રાન્ટની સમીક્ષા કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના વાર્ષિક હિસાબો, નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પુનઃ નિર્મિત અંદાજો તથા નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રની બાબત સેનેટના સર્વે સભ્યશ્રીઓને સરક્યુલર એજન્ડાથી મોકલવી અને સભ્યશ્રીઓ તરફથી આવેલ પ્રતિસાદ/અભિપ્રાય મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવી."

<u>ઠરાવ ક્રમાંક ૧૧</u> :

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત ખર્ચ યોગ્ય સદરે પાડવાની શરતે મંજૂર કરવો."

(નોંધ : ફાઈનાન્સ કમિટીની તા.૧૭/૦૨/૨૦૨૦નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ સોફ્ટકોપી તરીકે કામકાજ યાદી સાથે મોકલી આપવામાં આવેલ છે.)

૨ નોવેલ કોરોના વાઈરસ COVID-19ને કારણે મોકૂફ રાખવામાં આવેલ પરીક્ષાઓ તથા અન્ય
પરીક્ષા એકેડેમિક બાબતો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નોવેલ કોરોના વાઈરસ COVID-19ને કારણે મોકૂફ રાખવામાં આવેલ પરીક્ષાઓ લેવા સંદર્ભે યુ.જી.સી. તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા જે નિર્ણય કરવામાં આવે તે મુજબ પરીક્ષાઓ લેવા પ્રક્રિયા હાથ ધરવી.

મુક્ત ચર્ચા વિચારણા

૩ વિ.ક. આથી ઠરાવવામાં આવે છે કે કોરોના વાઈરસ COVID-19ની મહામારીની કુદરતી આપત્તિને પહોંચી વળવા માટે માન.મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં રૂ.૦૭.૫૦ લાખની સહાય મંજૂર કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે માન.મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ દ્વારા ફાળવવામાં આવેલ સહાયની રકમની વિગતો મેળવી તે મુજબ નિર્ણય લેવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવી.

૪ વિ.ક. આથી ઠરાવવામાં આવે છે કે કોરોના વાઈરસ COVID-19ની મહામારીની કુદરતી આપત્તિને પહોંચી વળવા જરુરીયાતમંદ લોકોને ફૂડકિટ્સ સહાય વિતરણ કરવા માટે યુનિવર્સિટી વિકાસફંડમાંથી રૂ. ૫,૫૧,૦૦૦/- ની મર્યાદામાં ભાવો/ટેન્ડર પ્રક્રિયા વેવ કરી સિંગલ ક્વોટેશન આધારિત ખર્ચ ખાસ કિસ્સામાં મંજુર કરવો.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે રાજકોટ શહેર સિવાય અન્ય જિલ્લાઓ/વિસ્તારો માટે ફૂડકિટ્સ સહાય વિતરણની માંગણી આવે તો જીલ્લા દીઠ ૧૦૦ ફૂડકિટ્સ સહાય ઉપર્યુક્ત વિગતે ખાસ કિસ્સામાં મંજુર કરવી.

નં.સિન્ડિકેટ/પીએઆર/૬૨/૨૦૨૦
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૦૫
તા.૧૪/૦૪/૨૦૨૦

કુલસચિવ

પ્રતિ,
સિન્ડિકેટનાં સર્વે સભ્યશ્રીઓ તરફ...

<u>નકલ સાદર રવાના</u> :-
૧.માન. કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે</u> :-
૧. દરેક વિભાગના વડાઓ તરફ
૨. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે)